ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-03** **તા:-19-04-2021**

## પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ અસ્થિ વિસર્જન કરતુ ભાજપા શહેર સંગઠન.

---

## શહેર અધ્યક્ષ ડો.વિજયભાઇ શાહની રાહબરી હેઠળ અસ્થિકુંભોને ચાંદોદ ખાતે વિસર્જન.

---

પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, વડોદરા શહેરમાં છેલ્લા ઘણાં સમયથી કોરોના જેવી મહામારીમાં અનેક પરિવારો પીડિત થયા. રાજ્ય સરકાર ધ્વારા સરકારી દવાખાનાઓમાં પુરતી તકેદારી અને તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ હોવા છતાં આ મહામારીમાં અનેક પરિવારો પોતાના સ્વજનો ગુમાવ્યા. કોરોના મહામારીમાં મૃત્યું પામેલ વ્યક્તિના મૃતદેહનો અગ્નિસંસ્કાર કર્યા બાદ મૃતકના અસ્થિકુંભને કુટુંબીજનો સુધી પહોંચાડવા અને અસ્થિકુંભોનું શહેર ભાજપા ધ્વારા હિન્દુ રીતિ-રીવાજ મુજબ ચાંદોદ ખાતે અસ્થીવિસર્જન અંગેની જાહેરાત ભાજપા શહેર અધ્યક્ષ ડો.વિજયભાઇ શાહ ધ્વારા કરવામાં આવી હતી. આ ઉપરાંત પ્રજાહિતમાં શહેર સંગઠન ધ્વારાઅન્ય સુવિધાઓની જાહેરાત કરવામાં આવી હતી તે પરિપૂર્ણ કરવા શહેર સંગઠન સતત કાર્યરત છે.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ભાજપા શહેર સંગઠન અસ્થિ વિસર્જનની કામગીરી હાથ ધારી હતી જે અંતર્ગત સોમવારે તા.૧૯/0૪/૨૦૨૧ના રોજ પ્રદેશ મહામંત્રીશ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, શહેર અધ્યક્ષ ડો.વિજયભાઇ શાહ, મેયરશ્રી કેયુરભાઈ રોકડીયા, ડે.મેયરશ્રીમતી નંદાબેન જોષી. સ્થાયી સમિતિ અધ્યક્ષ ડો.હિતેન્દ્રભાઈ પટેલ, શાશક પક્ષના નેતા અલ્પેશભાઇ લીંબાચિયા, શહેર મહામંત્રી સુનિલભાઇ સોલંકી, જશવંતસિંહ સોલંકી, રાકેશભાઇ સેવક, સહીત કોર્પોરેટરો અને કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં ખાસવાડી સ્મશાન ખાતે એકત્રિત કરેલ અસ્થિકુંભોને પુષ્પાંજલિ અર્પી મૃતકોના મોક્ષ માટેની પ્રાર્થના કરવામાં આવી હતી. અસ્થિકુંભોને પવિત્ર યાત્રાધામ ચાંદોદ ખાતે લઇ જવામાં આવી હતી જ્યાં પંડિતો ધ્વારા હિંદુ હિંદુશાસ્ત્રોક્ત વિધિ અનુસાર અસ્થિકુંભોને નર્મદાજીમાં પધરાવવામાં આવ્યાં હતા.

હિન્દુ પુરાણો માં નદીઓ ને પવિત્ર માનવા મા આવે છે.એવી પવિત્ર નદીઓ મા અસ્થિવિસર્જન થાય તો મનુષ્ય આત્મા ને મુક્તિ મળે એવી હિન્દુ માન્યતા છે. છેલ્લા એક વર્ષથી રહેલી ૧૨ સ્મશાન સ્મશાન ગૃહોમાંથી અસ્થી એકત્ર કરીવામાં આવી હતી. અંદાજે ૧૦૦ જેટલી અસ્થીઓનું એકત્રીકરણ કરીને આજે અસ્થી વિસર્જનનું કાર્ય પાર પાડવામાં આવ્યું. ૧૦-૧૨ કુટુંબજનો એવા હતા જેમના ઘરેથી પણ અસ્થી એકત્ર કરવામાં આવી હતી.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

વધુમાં શહેર અધ્યક્ષ ડો.વિજયભાઇ શાહ જણાવે છે કે આજે નર્મદાજીના ત્રિવેણી સંગમમાં મૃતકોના અસ્થિ વિસર્જનથી શહેરીજનોએ ગુમાવેલ સ્વજનોના આત્માને શાશ્વત શાંતિ અને મોક્ષ મળ્યાની થયેલ વિધિથી રાહતની લાગણી અનુભવી હશે,

આભાર સહ,

પ્રદેશ મીડિયા કન્વીનર
ડૉ યજ્ઞેશ દવે